| | જનસંપર્ક અધીકારી દ્વારા<br>પોલીસ કમિશનરશ્રીની કચેરી,<br>અમદાવાદ શહેર (P.R.O.)<br>ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩<br>કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,<br>૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦ | |
|---|---|---|

**તા.૨૯/૧૨/૨૦૨૩ શુક્રવાર**

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી અને જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૦૮૫/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૭૧ કેસ કરી, ૭૫ વ્યક્તિઓને ઝડપી, ૮૨૫ લીટર દેશી દારૂ, ૨૧૨૫ બોટલ ઇંગ્લીશ દારૂ, ૧૫૨ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૬૮ બીયરટીન, ૦૧ ટ્રાવેલ્સ બસ, ૦૧ લોડીંગ ગાડી, ૨ સ્કુટર અને ૩ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૦૩ કેસ કરી, ૦૩ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૮,૧૮૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૦૮૬/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૧૩૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૨૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## દાઝી જતા મૃત્યુઃ- સમાચાર યાદી નં.૨૦૮૭/૨૦૨૩

**સોલા હાઇકોર્ટઃ** આંશી ડો/ઓ ત્રિભુવન વિશ્વકર્મા (ઉ.વ.૦૩)(રહે.રણછોડનગર વિભાગ-૪, ચાંદલોડિયા) તા.૧૨/૧૧/૨૦૨૩ સવારના ૭/૩૦ વાગ્યાના સુમારે પોતાના રહેણાંક મકાનની બહાર રમતી હતી દરમ્યાન દીવા થી બળી જતા, શરીરે ગંભીર રીતે દાઝી જતા સારવાર અર્થે તેને સિવિલ હોસ્પિટલ ખાતે દાખલ કરી હતી. જ્યાં સારવાર દરમ્યાન તા.૨૮/૧૨/૨૦૨૩ સવારના ૯/૧૫ વાગે આંશીનુ મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે સોલા હાઇકોર્ટ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી કે.આર.પરમાર ચલાવે છે.

## આત્મહત્યાઃ- સમાચાર યાદી નં.૨૦૮૮/૨૦૨૩

**શહેરકોટડાઃ** પ્રેમકુમાર જયેશભાઇ દાતણીયા (ઉ.વ.૧૫)(રહે.કેવલ ચોકનો ટેકરો, શારદાબેન હોસ્પિટલ સામે સરસપુર) એ અગમ્ય કારણસર તા.૨૭/૧૨/૨૦૨૩ સાંજના ૬/૫૦ વાગે પોતાના ઘરે લોખંડની એંગલ સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે શહેરકોટડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી જીગ્નેશકુમાર ખુશાલભાઇ ચલાવે છે.

**કાગડાપીઠ**ઃ મયુરભાઇ હિમ્મતલાલ બાવળફાડ (ઉ.વ.૩ર)(રહે.કે.કા.શાસ્ત્રીનગર, બિગબજાર પાછળ, રાયપુર દરવાજા બહાર) એ અગમ્ય કારણસર તા.૨૮/૧૨/૨૦૨૩ સવારના ૬/૦૦ થી ૮/૧૫ વાગ્યા દરમ્યાન પોતાના ઘરે પંખા સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે કાગડાપીઠ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી આશિષકુમાર લક્ષ્મણભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી